# ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલે ફાઇનલ પ્રવેશનો જંગ

**વાનખેડે** પર ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી બે મેચમાંથી બંને એક-એક જીત્યા છે

**ઓવરઓલ** ભારતે અહીં સાત ટી-20 રમીને પાંચ જીતી છે જ્યારે ઈંગ્લેન્ડે છ રમીને ત્રણ જીતી છે

**ગુરુવારે** સાંજે 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



મુંબઇ, તા. 03 : ટી-20 વર્લ્ડકપ 2026ની ગુરૂવારે અહીંના વાનખેડે સ્ટેડિયમ પર રમાનારી બીજી સેમી ફાઇનલમાં ભારત અને ઇંગ્લેન્ડ સતત ત્રીજીવાર એકબીજાનો સામનો કરવા મેદાને ઉતરશે. આ મેચ માત્ર એક સ્પર્ધા જ નહીં પરંતુ જૂની હરીફાઈનો નવો અધ્યાય પણ હશે. આ સતત ત્રીજી વખત છે જ્યારે બંને ટીમો ટુર્નામેન્ટની સેમી ફાઇનલમાં ટકરાઈ રહી છે. અગાઉ, તેઓ 2022 અને 2024 માં એકબીજાનો સામનો કરી રહ્યા હતા.

2022ની સેમિફાઇનલમાં, ઈંગ્લેન્ડે ભારતને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો અને બાદમાં ટ્રોફી જીતી. જોકે, 2024માં કથા બદલાઈ ગઈ. રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ, ભારતે સેમિફાઇનલમાં ઈંગ્લેન્ડને હરાવ્યું અને પછી ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટાઇટલ જીત્યું. રસપ્રદ વાત એ છે કે, છેલ્લા બે ટી-20 વર્લ્ડકપમાં, ભારત-ઈંગ્લેન્ડ સેમી ફાઇનલ જીતનાર ટીમ ચેમ્પિયન બનીને ઉભરી આવી છે. આ ટ્રેન્ડ આ મેચને વધુ ખાસ બનાવે છે.

જો આપણે વાનખેડે સ્ટેડિયમના આંકડાઓ પર નજર કરીએ તો, ભારતનો રેકોર્ડ મજબૂત દેખાય છે. ભારતે અહીં સાત ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમી છે, જેમાં પાંચમાં જીત મેળવી છે. ટીમ ઇન્ડિયા ડિસેમ્બર 2017થી અહીં એક પણ ટી-20I હાર્યું નથી. દરમિયાન, ઈંગ્લેન્ડે અહીં છ ટી-20I રમી છે, જેમાં ત્રણમાં જીત અને ત્રણમાં હારનો સામનો કરવો પડ્યો છે. ભારત અને ઈંગ્લેન્ડ આ મેદાન પર બે વાર ટકરાયા છે, જેમાં એક-એક મેચ જીતી છે.

### ટી-20 વર્લ્ડકપની સેમી ફાઇનલમાં ભારત

ભારતીય ટીમે ટી-20 વર્લ્ડકપમાં અત્યાર સુધી પાંચ સેમી ફાઇનલ રમી છે અને તેમાંથી ત્રણમાં જીત મેળવી છે. ટીમ 2016માં વેસ્ટ ઇન્ડીઝ અને 2022માં ઈંગ્લેન્ડ સામે હારી ગઈ હતી. ટીમ ત્રણ વખત ફાઇનલમાં પહોંચી હતી અને બે વાર જીતી હતી. તેણે 2007માં પાકિસ્તાન અને 2024માં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટાઇટલ જીત્યું હતું. 2014માં, ભારત ફાઇનલમાં શ્રીલંકા સામે હારી ગયું હતું.

### ટી-20 વર્લ્ડકપ સેમીફાઇનલમાં ઇંગ્લેન્ડ

ભારતની જેમ, ઈંગ્લેન્ડે ટી-20 વર્લ્ડકપ સેમી ફાઇનલમાં ત્રણ જીત અને બે હારનો સામનો કરવો પડ્યો છે. ટીમ 2021 અને 2024 સેમી ફાઇનલમાં હારી ગઈ હતી, ત્રણ વખત ફાઇનલમાં પહોંચ્યા પછી, ઈંગ્લેન્ડ બે વખત ચેમ્પિયન પણ છે. તેણે 2010 અને 2022 માં ટાઇટલ જીત્યું હતું, જ્યારે 2016 માં, તે વેસ્ટ ઇન્ડીઝ સામે હારી ગયું હતું.

### 2026 ના ટી-20 વર્લ્ડકપમાં પણ સમાન પ્રદર્શન

ભારતે આ ટી-20 વર્લ્ડકપમાં અત્યાર સુધીમાં સાત મેચ રમી છે. ટીમે છ જીતી છે અને એક હારી છે. ઈંગ્લેન્ડે પણ તેની સાત મેચોમાંથી છ જીતી છે. જોકે, એકંદરે, ભારતે અત્યાર સુધીમાં ટી-20 વર્લ્ડકપમાં 59 મેચ રમી છે. ટીમે 42 જીતી છે અને 16 હારી છે. બીજી તરફ, ઈંગ્લેન્ડે પણ 59 મેચ રમી છે પરંતુ ફક્ત 34 જીતી છે અને 23 હારી છે.

# રણજી ટ્રોફીમાં જમ્મુ-કાશ્મીરની જીત ભારતીય ક્રિકેટ માટે રોમાચંક બાબત

**ધ હન્ડ્રેડમાં** પાકિસ્તાની ખેલાડીઓને ભારતીય ફ્રેન્ચાઇઝી માલિકો નહીં ખરીદે તેમાં ઇસીબીએ ડહાપણ ઢોળવાની જરૂર નથી

જમ્મુ અને કાશ્મીરની ટીમનું રણજી ટ્રોફી માટે નેશનલ ચેમ્પિયનશિપ જીતવું એ ભારતીય ક્રિકેટ માટે લાંબા સમય પછી આવેલા સૌથી શ્રેષ્ઠ સમાચાર છે. આ એક એવું રાજ્ય છે જેણે મુશ્કેલ સમય જોયો છે, જ્યાં યુવાનો ખોટા વચનોથી ભટકી ગયા હતા અને હવે રણજી ટ્રોફી જીતવાથી આ રાજ્ય માટે નવા રોલ મોડલ મળ્યા છે, જે લાંબા સમય સુધી ઘેરાબંધી હેઠળ હતું. છેલ્લા એક દાયકાથી ક્રિકેટે ત્યાંના યુવાનોને નવી દિશા આપવાનું શરૂ કર્યું હતું અને હવે તે રણજી ટ્રોફી જીતવામાં પરિણમ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, તેઓએ દેશની શ્રેષ્ઠ ટીમોને હરાવી છે અને કર્ણાટકને તેમના હોમ ગ્રાઉન્ડ પર તેમની પ્રથમ ફાઇનલમાં હરાવવું એ ખરેખર ખૂબ જ સંતોષજનક હશે. આઈપીએલે ભારતીય ક્રિકેટને દેશના ખૂણેખૂણેથી ખેલાડીઓ આપ્યા છે, જેનો શ્રેય વિવિધ ભાષાઓમાં ઉત્કૃષ્ટ ટીવી કવરેજને પણ જાય છે. તેનું પરિણામ એ છે કે જે ટીમો ભૂતકાળમાં સરળતાથી હારી જતી હતી, તે હવે માત્ર રણજી ટ્રોફી જ નથી જીતી રહી પરંતુ દેશને મેચ વિનર ખેલાડીઓ પણ આપી રહી છે. છેલ્લા દાયકામાં સૌરાષ્ટ્ર, વિદર્ભ, મધ્યપ્રદેશ અને હવે જમ્મુ-કાશ્મીરે રણજી ટ્રોફી જીતી છે. ગયા વર્ષે કેરળ રનર-અપ રહ્યું હતું અને આ વર્ષે ઉત્તરાખંડ નોકઆઉટમાં પહોંચ્યું છે.ભારતીય ક્રિકેટ માટે આ ખરેખર ખૂબ જ રોમાંચક છે. આ જીત મિથુન મન્હાસ માટે ખાસ કરીને આનંદદાયક હશે, કારણ કે જ્યારે આ પરિવર્તન શરૂ થયું ત્યારે તેઓ જમ્મુ અને કાશ્મીર ક્રિકેટના એડમિનિસ્ટ્રેટર હતા અને આજે તેઓ બીસીસીઆઇના પ્રમુખ છે. ખૂબ સરસ, જમ્મુ અને કાશ્મીર.

'ધ હન્ડ્રેડ'ની વાત કરીએ તો, છેલ્લા અઠવાડિયાથી ચર્ચા ચાલી



**લેઈટ કટ**
- સુનિલ ગવાસ્કર

રહી છે કે શું ફ્રેન્ચાઇઝીના નવા ભારતીય માલિકો તેમની ટીમ માટે કોઈ પાકિસ્તાની ખેલાડી ખરીદશે. ઇસીબીએ પણ કોઈ પણ ખેલાડીની પસંદગીમાં ભેદભાવ ન રાખવા અંગે આડકતરી ચેતવણી આપી છે. તેઓ કદાચ સંપૂર્ણપણે ભૂલી ગયા હોય તેવું લાગે છે કે ગયા વર્ષે જ્યારે કોઈ ભારતીય માલિકો નહોતા, ત્યારે પણ ફ્રેન્ચાઇઝીઓ દ્વારા કોઈ પાકિસ્તાની મહિલા કે પુરુષ ખેલાડીની પસંદગી કરવામાં આવી ન હતી. તેથી, જો આ વખતે પણ ભારતીયોની માલિકી ધરાવતી ફ્રેન્ચાઇઝીઓ, જેમણે ફ્રેન્ચાઇઝીની વાસ્તવિક કિંમત કરતા વધુ પૈસા આપીને તેને ખરીદી છે, તેઓ કોઈ પાકિસ્તાની ખેલાડીને ન ખરીદે, તો સત્તાવાળાઓ ભેદભાવ કેવી રીતે સાબિત કરશે? અને જો તેઓ તેમ કરવાનો પ્રયાસ કરશે, તો શું તેમના પર દંભનો આરોપ નહીં લાગે?.

વર્ષોથી ભારત-પાક સંબંધો વણસ્યા છે, જેમાં સરહદ પારના કહેવાતા 'નોન-સ્ટેટ એક્ટર્સ' દ્વારા નિર્દોષ અને નિઃશસ્ત્ર ભારતીયોની હત્યા કરવામાં આવી છે. 2008ના મુંબઈ હુમલા પછી IPLમાં કોઈ પાકિસ્તાની ખેલાડી નથી, જોકે વસીમ અકરમ થોડા વર્ષો સુધી ત્યાં બોલિંગ કન્સલ્ટન્ટ તરીકે હતા. હવે નિર્દોષ નાગરિકો પરના વધુ કેટલાક હુમલાઓ પછી લાગણીઓ વધુ કઠોર બની છે, અને ભારતીયો દ્વારા ક્રિકેટ અને અન્ય વ્યવસાયોમાં પાકિસ્તાનીઓનો ઉપયોગ ન કરવા પાછળનું આ માત્ર એક કારણ છે.

બીજું કારણ એ હોઈ શકે છે કે પાકિસ્તાની રમતવીરો અને કલાકારો ભારતીય અને અન્ય વિદેશી સંસ્થાઓ પાસેથી મળેલી ફી પર ઇન્કમ ટેક્સ ચૂકવે છે અને તેમની સરકાર તેમાંથી શસ્ત્રો ખરીદે છે જે ભારતીય સૈનિકો અને નાગરિકોને મારે છે. તેથી, કોઈ પણ ભારતીય સંસ્થા પોતાના જ લોકોના મૃત્યુમાં ફાળો આપવા માંગશે નહીં. આ એવી બાબત છે જે માત્ર ભારતીયો જ સમજી શકે છે, એવા લોકો નહીં જે પોતે ભેદભાવ કરતા હોવા છતાં ભેદભાવ ન રાખવા વિશે ઉપદેશ આપે છે. બીજા પર આંગળી ઉઠાવવી સરળ છે પણ ફરી એકવાર યાદ રાખો કે બાકીની ત્રણ આંગળીઓ તમારી તરફ જ હોય છે.

# પ્રથમ સેમી આજે : માર્કરમ વિરુદ્ધ સેન્ટનરમાં કોણ ચઢિયાતુ પુરવાર થશે

**દક્ષિણ** આફ્રિકા વિરુદ્ધ ન્યુઝીલેન્ડના મુકાબલામાં બંને ટીમના કેપ્ટનો મુખ્ય ભૂમિકા ભજવી શકે

**સાંજે 7.00** વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર




કોલકાતા, તા. 03 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં આવતીકાલે બુધવારે અહીંના ઇડન ગાર્ડન પર રમાનારી પ્રથમ સેમી ફાઇનલમાં દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રોમાંચક મુકાબલો થવાની અપેક્ષા છે, જેમાં બંને ટીમોના કેપ્ટન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરમ અને ન્યુઝીલેન્ડના કેપ્ટન મિચેલ સેન્ટનર હાલમાં ઉત્તમ ફોર્મમાં છે. બંને ટીમોના કેપ્ટન પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરતા હોય તેવું ભાગ્યે જ બને છે. તેથી, માર્કરમ અને સેન્ટનર વચ્ચેની મેચ એક રોમાંચક મેચ હશે જે ઇડન ગાર્ડન્સ ખાતે હજારો દર્શકોને રોમાંચિત કરશે.

2015માં વન ડે વર્લ્ડકપની સેમી ફાઇનલ દરમિયાન આઇસીસી ટુર્નામેન્ટમાં ન્યુઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની હરીફાઈ ચરમસીમાએ પહોંચી હતી. ન્યુઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને એક રોમાંચક મેચમાં હરાવ્યું હતું જેમાં ડેલ સ્ટેન અને એબી ડી વિલિયર્સ જેવા ખેલાડીઓને ફટકો પડ્યો હતો.

શુક્રી કોનરાડના માર્ગદર્શન હેઠળ દક્ષિણ આફ્રિકા હવે એક ખતરનાક ટીમ બની ગઈ છે, જેમણે ગયા વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતીને પોતાનો દૃઢ નિશ્ચય દર્શાવ્યો હતો. દક્ષિણ આફ્રિકાએ હજુ સુધી કોઈ મર્યાદિત ઓવરની ટ્રોફી જીતી નથી, પરંતુ 'ચોકર'નું કુખ્યાત ટેગ હવે તેમના ક્રિકેટ શબ્દકોશનો ભાગ નથી.

આ સ્પર્ધાના કેન્દ્રમાં બે કેપ્ટન છે જેમને ઘણીવાર જોઈએ તેટલી પ્રશંસા કે ચર્ચા મળતી નથી, કારણ કે તેઓ વ્યૂહાત્મક અને તકનીકી રીતે જેમની પ્રશંસા થાય છે તેમના કરતા ઘણા શ્રેષ્ઠ છે. માર્કરામે આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં 175થી વધુના સ્ટ્રાઈક રેટથી 268 રન બનાવ્યા છે. તેણે પાવર પ્લેમાં બોલરોને અસરકારક રીતે નિશાન બનાવ્યા છે. બીજી તરફ, સેન્ટનરે 6.35ના ઈકોનોમી રેટ સાથે બેટ્સમેનોને નિયંત્રણમાં રાખ્યા છે. તેણે પ્રભાવશાળી બેટિંગ પણ બતાવી છે.

# વર્લ્ડકપ વિજેતા ભારતીય મહિલા ટીમ લોરિયસ એવોર્ડ માટે નોમિનેટ

**લોરિયસ** ટીમ ઓફ ધ યર માટે નોમિનેટ થનારી ભારતીય ટીમ પ્રથમ મહિલા ક્રિકેટ ટીમ

**ઈંગ્લેન્ડની** મહિલા ફૂટબોલ ટીમ, યુરોપિયન રાયડર કપ ટીમ, પીએસજી ટીમ સહિતના રેસમાં

મેડ્રિડ, તા. 03 (પીટીઆઈ) : ગયા વર્ષે પહેલીવાર વર્લ્ડકપનો ખિતાબ જીતવા બદલ ભારતની મહિલા ક્રિકેટ ટીમને લોરિયસ ટીમ ઓફ ધ યર એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવી છે. લોરિયસ સ્પોર્ટે મંગળવારે નોમિનેશનની પુષ્ટિ કરી. ભારતીય ટીમ આ એવોર્ડ માટે નોમિનેટ થનારી પ્રથમ મહિલા ક્રિકેટ ટીમ છે. તેનાથી વર્લ્ડકપમાં ટીમના ઉત્કૃષ્ટ પ્રદર્શનને માન્યતા મળી છે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ટીમનું નામ ઈંગ્લેન્ડની મહિલા રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ, યુરોપિયન રાયડર કપ ટીમ, ફ્રેન્ચ ફૂટબોલ લીગ ટીમ પેરિસ સેન્ટ-જર્મન અને મેકલેરેન ફોર્મ્યુલા વન ટીમ જેવી મોટી ટીમો સાથે રાખવામાં આવ્યું છે. લોરિયસ સ્પોર્ટે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયા સામે ક્રિકેટ વર્લ્ડ કપ સેમિફાઈનલમાં, ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ લક્ષ્ય 339 રન હાંસલ કર્યું. ત્યારબાદ ટીમે દક્ષિણ આફ્રિકાને હરાવીને તેનું પ્રથમ ટાઈટલ જીત્યું અને આ એવોર્ડ માટે નોમિનેટ થનારી પ્રથમ મહિલા ક્રિકેટ ટીમ છે. આ સાથે, ટીમ પુરુષોની લોરિયસ કેટેગરી માટે નામાંકિત ભારતીય ખેલાડીઓના એક ચુનંદા જૂથમાં જોડાઈ ગઈ છે, જેમાં વિનેશ ફોગાટ (2019), નીરજ ચોપરા (2022) અને ઋષભ પંત (2025)નો સમાવેશ થાય છે.

# AFC એશિયન કપ પહેલા ભારતીય મહિલા ટીમ પાસે યોગ્ય પ્લેઈંગ કિટ નથી

**કેપ્ટન** સ્વીટી દેવી સહિત આઠ મુખ્ય ખેલાડીઓની સહી સાથે AIFFના ડેપ્યુટી જનરલ સેક્રેટરી સત્યનારાયણને પત્ર લખાયો

**ખેલાડીઓએ** પત્ર લખ્યા પછી AIFF દ્વારા જાહેર કરાયું કે ખેલાડીઓને નવી કિટ્સ ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે



નવી દિલ્હી, તા. 03 (પીટીઆઈ) : ઓસ્ટ્રેલિયામાં એએફસી મહિલા એશિયા કપ મેચના એક દિવસ પહેલા, ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એઆઈએફએફ)ના ગેરવહીવટને પણ ઉજાગર કરતાં ભારતીય ટીમની ખેલાડીઓએ યોગ્ય કિટ્સના અભાવનો મુદ્દો ઉઠાવ્યો છે.

ભારત બુધવારે પર્થમાં વિયેતનામ સામે પોતાની પહેલી મેચ રમશે. તે મેચ પહેલા, કેપ્ટન સ્વીટી દેવી નાગંબમ અને દેશની સૌથી વધુ કેપ્ડ ખેલાડી ગ્રેસ ડાંગમેઈ સહિતના આઠ ખેલાડીઓની સહી સાથે એઆઈએફએફના ડેપ્યુટી જનરલ સેક્રેટરી એમ સત્યનારાયણનને પત્ર લખીને યોગ્ય કપડાં અને રમવાની કીટના અભાવ સંબંધે નિરાશા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આનાથી તેમના મનોબળ પર અસર પડી છે અને તેઓ વિચલિત થયા છે. પત્રમાં જણાવાયું છે કે અન્ય ખેલાડીઓ પણ આ પત્ર સાથે સંમત છે. પત્રમાં તમામ 26 ખેલાડીઓના નામ સૂચિબદ્ધ છે. સ્વીટી દેવી, મનીષા કલ્યાણ, ગ્રેસ ડાંગમેઈ, સંગીતા બાસ્ફોર, પંથોઈ ચાનુ, સંજુ, પ્યારી ઝાક્સા અને શ્રેયા હુડ્ડાએ આ બેઠકમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

પત્રમાં જણાવાયું છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે વ્યાવસાયિક ધોરણોનું પાલન કરવું જરૂરી છે. આમાં ખેલાડીઓને અનુકૂળ યોગ્ય પોશાકનો સમાવેશ થાય છે. જે એઆઈએફએફ મેનેજમેન્ટમાં વ્યાવસાયિકતાનો અભાવ દર્શાવે છે. આ મહત્વપૂર્ણ ઈવેન્ટ માટે ખોટી મેચ કીટના આગમનથી મનોબળ પર નકારાત્મક અસર પડી છે અને અમારી એકાગ્રતામાં ખલેલ પહોંચી છે. એઆઈએફએફએ જણાવ્યું હતું કે મંગળવારે ખેલાડીઓને નવી કિટ્સ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

## અનુસંધાન... પાના પહેલાનું

### ઈરાનની ભયાનક...

મધ્ય પૂર્વમાં પોતાના હિતોના રક્ષણ માટે 'રક્ષણાત્મક કાર્યવાહી' કરવાની તૈયારી દર્શાવી, ત્યારે તેહરાને ચેતવણી આપી છે કે જો યુરોપ આ જંગમાં સામેલ થશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે સાયપ્રસ જેવા સ્થળોએ આવેલા પશ્ચિમી દેશોના સૈન્ય મથકો હવે સુરક્ષિત નથી.

### અમેરિકાનો 'બદલા'નો...

તેમણે સ્પષ્ટ કર્યું કે હાલમાં જમીની દળો ઉતારવાની જરૂર નથી, કારણ કે અમેરિકા પહેલેથી જ ઈરાનને 'ભારે નુકસાન' પહોંચાડી રહ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે સૈન્ય કાર્યવાહી નિર્ધારિત સમય કરતાં આગળ ચાલી રહી છે અને ટૂંક સમયમાં ઈરાનનું નવું શાસન કોણ સંભાળશે તેની પણ જાણ થશે.

### ઈરાન હવે...

ઈરાનની સૈન્ય તાકાત હવે સંપૂર્ણપણે પાયમાલ થઈ ગઈ છે.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, "તેમની એર ડિફેન્સ, એરફોર્સ, નેવી અને લીડરશિપ બધું જ ખતમ થઈ ગયું છે. હવે તેઓ વાતચીત કરવા માંગે છે, પરંતુ મેં કહી દીધું છે - 'ઘણું મોડું થઈ ગયું છે!'

### પશ્ચિમી દેશોમાં...

આ ધમકીની અસર ગ્રાઉન્ડ લેવલ પર દેખાવા લાગી છે. બ્રિટન અને યુરોપમાં જથ્થાબંધ ગેસના ભાવમાં 50%થી વધુનો ઉછાળો આવ્યો છે. નિષ્ણાતોના મતે જો આ સ્થિતિ યથાવત રહી તો સામાન્ય નાગરિકોના ઘરના એનર્જી બિલમાં વાર્ષિક 2,500 પાઉન્ડનો (આશરે 2.6 લાખ) સુધીનો તોતિંગ વધારો થઈ શકે છે.

### રિયાધમાં અમેરિકી...

અમીરાત (યુએઈ), કુવૈત અને બહેરીનમાં કુલ 6 અમેરિકી સૈનિકોના મોતની પુષ્ટિ થઈ છે.

### પરમાણુ મથકો પર નિશાન

સંયુક્ત રાષ્ટ્રોની પરમાણુ સંસ્થાએ પુષ્ટિ કરી છે કે ઈરાનના નતાન્ઝ પરમાણુ સંવર્ધન કેન્દ્રને તાજેતરના હુમલામાં નુકસાન થયું છે, જોકે રેડિયેશનની કોઈ તાત્કાલિક અસર દેખાતી નથી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ દાવો કર્યો છે કે ઈરાન ભૂગર્ભમાં નવા પરમાણુ બોમ્બ બનાવવાની તૈયારી કરી રહ્યું હતું, તેથી આ કાર્યવાહી કરવી અનિવાર્ય હતી.

### વ્યાપારી અને આર્થિક નુકસાન

ઈરાને અખાતી દેશોમાં આવેલા 'સેફ હેવન' ગણાતા વિસ્તારોને પણ નિશાન બનાવ્યા છે. એમેઝોન ના યુએઈ અને બહેરીન સ્થિત ડેટા સેન્ટરો પર ડ્રોન હુમલા થયા છે. સૌથી મહત્વની વાત એ છે કે, ઈરાને હોર્મુઝની સામુદ્રધુની સંપૂર્ણપણે બંધ હોવાની જાહેરાત કરી છે. ઈરાની કમાન્ડર જબ્બારીએ ચેતવણી આપી છે કે જે પણ જહાજ અહીંથી પસાર થશે તેને સળગાવી દેવામાં આવશે. કતારે પણ ઈરાનના હુમલાનો જડબાતોડ જવાબ આપવાની ધમકી આપી છે.

### દિલ્હી ડાયરી...

હાજરીએ બંને નેતાઓ વચ્ચે બધું બરાબર છે કે કેમ તે અંગે અટકળો તેજ કરી છે. ખાસ કરીને કેરળ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા જ્યારે થરૂરે પક્ષના નેતૃત્વ સાથે સમાધાન સાધ્યું હોય તેવા સમયે આ ઘટના સૂચક છે.

કેરળમાં તબીબી બેદરકારીના વિવાદો કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જ રાજ્યની વિવિધ સરકારી મેડિકલ કોલેજોમાં સર્જરી દરમિયાન થયેલી ક્ષતિઓને કારણે વિવાદોમાં ઘેરાયા છે. જ્યારે કોંગ્રેસે આ મુદ્દે રોષ વ્યક્ત કર્યો, ત્યારે મંત્રીએ વળતો જવાબ આપતા કહ્યું કે તે પોતે એ ડોક્ટર નથી જેમણે આ સર્જરીઓ કરી હતી.

તાજેતરનો કિસ્સો કે જેમાં મંત્રીને નિશાન બનાવવામાં આવી રહ્યા છે તે 51 વર્ષીય ઉષા જોસેફનો છે. વર્ષ 2021માં આલપ્પુઝા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં તેમની હિસ્ટરેક્ટમી (ગર્ભાશય કાઢવાની સર્જરી) દરમિયાન પેટમાં 'આર્ટરી ફોર્સેપ્સ' (ચીપિયો) રહી ગયો હોવાનું બહાર આવ્યું છે. જોકે સર્જન અને યુનિટ હેડ ડોક્ટરે કોઈ પણ ગેરરીતિનો ઈનકાર કર્યો છે, પરંતુ વિરોધ પક્ષના નેતાઓએ જ્યોર્જ સામે આકરા પ્રહારો કર્યા છે.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### માથાનો દુઃખાવો

ઉનાળામાં તડકામાં ફરવાના કારણે થતો માથાનો દુઃખાવો મટાડવા માટેનો એક અમારો ગ્રામ્ય પ્રયોગ જુઓ. હિના-મહેંદી ના ફૂલ બારીક વાટી ને કપાળે લેપ કરો.

## સુડોકુ - ૪૬૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૯ | | | | ૧ |
| ૭ | | | | ૩ | | | | ૮ |
| | | ૧ | ૫ | ૬ | ૮ | ૪ | | |
| ૨ | ૫ | ૯ | | ૮ | | | | |
| | | ૪ | | ૨ | ૭ | ૩ | | ૫ |
| ૬ | | ૩ | ૧ | ૪ | ૫ | | | |
| ૧ | | ૨ | | | ૪ | | ૫ | ૯ |
| ૫ | | | ૮ | ૧ | | ૨ | | ૩ |
| ૯ | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | | ૭ | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## શબ્દગુંફન - ૭૧૮૨

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. ખુશી, રાજીપણું (૩)
૩. ડગે નહિ એવું (૩)
૫. ગરમી, તડકો (૨)
૬. એક ઝાડ (૩)
૭. મોટું (૩)
૯. ફ્લો વગેરેનું પ્રવાહી (૨)
૧૦. વપરાશ, તંગી (૨)
૧૨. આનંદ (૨)
૧૩. હિંમત (૨)
૧૪. ડર, ત્રાસ (૪)
૧૬. તંતુ, દોરો (૨)
૧૭. અંતઃકરણ, દિલ (૨)
૧૮. માલિસ કરવું તે (૩)
૨૦. આપવું તે (૨)
૨૧. અણસમજુ (૩)
૨૩. અવાજ (૨)
૨૫. કાપડ-કાગળ વગેરેનાં નાના-ટુકડા (૪)
૨૭. પચેલું (૩)
૩૦. આસમાની (૨)
૩૧. ઉગ્ર ગંધવાળુ એક કંદમૂળ )૩)
૩૨. ઊહાપોહ, ચર્ચા (૪)

**ઊભી ચાવી**
૧. રાત્રિ (૨)
૨. સિપાઈ (૩)
૩. શૂરવીર (૩)
૪. શોક (૨)
૫. ધૂન મસ્તી (૨)
૮. મોજુદ, પ્રત્યક્ષ (૩)
૯. છુટ્ટી, પરવાનગી (૨)
૧૧. કિનારો, કાંઠો (૨)
૧૨. મોર (૩)
૧૩. પરાજય(૨)
૧૪. દેહ, કાયા (૨)
૧૫. કુળવાન (૪)
૧૬. એક ઊંચું ઝાડ (૨)
૧૭. દોલત (૨)
૧૯. મશ્કરી, મજાક (૩)
૨૦. રમતમાં આવતો વારો (૨)
૨૩. યુદ્ધનું મેદાન (૨)
૨૪. બટન ઘાલવાનું નાકું (૨)
૨૫. દુઃખ, પીડા (૨)
૨૬. ધ્વનિ, અવાજ (૨)
૨૭. નિર્ણય, ઉકેલ(૨)
૨૮. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૨૯. વેપાર (૩)
૩૦. જળ, પાણી (૨)



## આજનું પંચાંગ

**તા. 04/03/2026, બુધવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** વદ: એકમ: 16:50
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 13
**નક્ષત્ર :** પૂ.ફા. : 07:40 પછી ઊ.ફા.
**યોગ :** ધ્રુવ **કરણઃ** તૈતિલ
**રાશિઃ** સિંહ (મ.ટ.) 13:48 પછી કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** મિશ્ર- વસંતોત્સવારંભ- આમ્રકુસુમ પ્રાશન- ગ્રહણ કરિદિન
**સુરતમાં સૂર્યોદય :** 06:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:43
**નવકારસી :** 07:47
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 22મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 14મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાહુ કાળઃ** બપોરે 12:00 થી 13:30 સુધી

**મેષ (અ,લ,ઇ,):** મનોરંજન તથા કામકાજને લઈને પ્રવાસ અનુકૂળ રહે. નવા રોકાણ લાભ કરતા રહે. વિદ્યાર્થીઓને મદદ મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** ખર્ચા અને પડવા-વાગવાની બાબતે સાવધાની રાખવી. અચાનક શુભ સમાચાર મળે.
**મિથુન (ક,છ,ઘ,):** સામાજિક કામમાં વ્યસ્ત રહેવાનું બને. ભાઈ-બહેન-મિત્રો સાથે ઘર્ષણ થાય. અશાંતિ સતાવશે.
**કર્ક (ડ,હ,):** નવા સંબંધો બંધાશે. નવા કામની શરૂઆત થાય. કુટુંબ-પરિવારની સમસ્યાનું સમાધાન થાય. આવક વધે.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**સિંહ (મ,ટ,):** સરકારી કામ પાર પડે. સામાજિક કે ધાર્મિક મેળાવડામાં જવાનું બને. ખુશખબરથી ઉત્સાહ વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** પ્રવાસમાં સાવધાની રાખવી. અકસ્માત અને વિશ્વાસઘાતથી નુકસાન થઈ શકે છે.
**તુલા (ર,ત,):** પ્રેમમાં સાથ મળે. આવક વધે. મિત્રો સાથે મનોરંજન થાય. વિદ્યાર્થીઓને તક મળે. આવક વધે.
**વૃશ્ચિક (ન,ય,):** સંપત્તિના સોદા કે લેવેચ થાય. નોકરીમાં પ્રભાવ વધે. ધંધામાં આવક વધે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિઘ્નો છતાં કામ પાર પડે. મિલન-મુલાકાત થાય. સરકારી યોજનાનો લાભ મળે.
**મકર (ખ,જ,):** વધુ પડતા કામની અસર થાય. માનસિક અશાંતિ વધે. આરોગ્ય નરમ રહે. પડવા-વાગવાથી સાવધાન.
**કુંભ (ગ,સ,શ,ષ,):** સમાજમાં અશાંતિ રહે. ઘરના કામની ચિંતા વધે. રોજના કામમાં બોજ સતાવશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** પદ પ્રાપ્તિ કે સામાજીક જવાબદારીથી મોભો વધશે. આરોગ્યની સારવાર સરળ બને.

### કોઈ પણ સાલમાં 04 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન થાય. ધંધા-વેપારમાં આવક વધશે. સમાજમાં માન વધે. પરિવાર-કુટુંબની અપેક્ષાઓ સંતોષવાની તક મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. નવા રોકાણ થાય. હરીફોની હેરાનગતિ દરેક જગ્યાએ સતાવશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સંતાનોના કામ થાય. વિદ્યાર્થીઓની મહેનત ફળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. ઊંમરલાયકના વિવાહ થાય. નવાં ધંધા-વેપાર-નોકરીમાં ટેકનોલોજીનો લાભ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલો મિત્રો મદદરૂપ બને. નવા ઘર વાહન મકાનની યોજના પાર પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળશે. જૂન-જુલાઈ, રવિ-સોમ અને 4,13, 22, 31 તારીખ નવા કામ માટે અનુકૂળ રહે. ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. નવેમ્બર-ડિસેમ્બર શનિ-શુક્રવાર અને 7,16, 25 તારીખે નવાં કામ ટાળવાં સફેદ રંગનો ઉપયોગ કરવો નહીં.

## આજનું પંચાંગ

**તા. 05/03/2026, ગુરુવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** વદ: બીજ: 17:05- તુકારામબીજ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 14
**નક્ષત્ર :** ઊ.ફા. : 08:18 પછી હસ્ત
**યોગ :** શૂલ **કરણઃ** વણિજ
**રાશિઃ** કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:58
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:43
**નવકારસી :** 07:46
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 23મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 15મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુ કાળઃ** બપોરે 13:30 થી 15:00 સુધી

**મેષ (અ,લ,ઇ,):** સરકારી કામમાં પ્રગતિ થાય. સરકારી નોકરિયાતને નવી તક મળે. માનસિક અશાંતિ વધશે. હરીફોથી સાવધાન.
**વૃષભ (બ,વ,ઉ,):** નવા રોકાણથી લાભ થાય. વિદ્યાર્થીઓ માટે અનુકૂળ દિવસ, પ્રેમમાં ગેરસમજ થાય. મિત્રોનો સાથ રહે.
**મિથુન (ક,છ,ઘ,):** નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નવી નોકરીની શક્યતા રહે. ઘરમાં નવો ફેરફાર થાય.
**કર્ક (ડ,હ,):** નવા લોકો સાથે વિવાદ ટાળવો. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે.
**સિંહ (મ,ટ,):** ઘરનાં

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કામમાં પ્રગતિ થાય. વારસાના કામમાં પ્રગતિ થાય. પારિવારિક ધંધામાં આવક વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** સરકારી કામમાં પ્રગતિ થાય. કોર્ટ-કચેરીમાં મદદ મળે. ખર્ચા વધશે. મન પર ભાર રહે.
**તુલા (ર,ત,):** જાહેર જીવનમાં પ્રગતિ થાય. ઉચ્ચ કક્ષાના મિત્રોની મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.
**વૃશ્ચિક (ન,ય,):** પ્રેમ વિવાહમાં અવરોધ આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા રોકાણથી લાભ થાય.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. મિત્રો સાથે આવક વધારવાની યોજના બને મન પરભાર.
**મકર (ખ,જ,):** રચનાત્મક કામમાં સફળતા મળે. નોકરી-ધંધા માટે પ્રવાસ થાય. જીવનસાથીનો સાથ મળે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** આંખની કાળજી લેવી. નોકરીમાં નવી જવાબદારી વધે. ગુપ્ત શત્રુઓથી સાવધાન. ખર્ચા વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** ભાગીદારીની મિટીંગ સફળ રહે. ઘરના કામમાં મદદ મળે. ઘરમાં નવા ફેરફાર થાય.

### કોઈ પણ સાલમાં 05 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. નવા ફેરફાર અને નવી જવાબદારીથી દોડ-ધામ વધે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણી આવી શકે છે. નવા ઘર-વાહન મકાનની યોજના પાર પડશે. ધંધા-વેપારમાં આવક વધે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો વડીલોનો સાથ ઉપયોગી રહે. વારસા, જાયદાદ, જમીન વગેરેના પ્રશ્નોમાં કાયદાકીય પ્રશ્નો સતાવશે. વેપાર-ધંધા માટે નવી યોજના બને. સરકારી યોજના લાભ મળે. યાત્રા, પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન ઓગસ્ટ- સપ્ટેમ્બરમાં બુધ-શુક્ર- અને 5, 14, 23 તારીખ નવા કામ માટે શુભ, લીલો રંગ શુભ, જૂન-જુલાઈમાં શનિવાર, 7,16,25 તારીખ નવા કામમાં લેવી નહીં. લાલ, કાળો રંગ ઉપયોગમાં લેવાનું ટાળવું.